## ગાંધીનગર મને ગમે છે...



- કાશીપરા મનસુખલાલ સી.

વર્ષ-૧૯૮૦માં માહિતીખાતામાં નોકરી મળી ને પહેલી વખત અમદાવાદ પોલિટેકનીકથી ડબલ ડેકર બસ ઉપલા માળે મુસાફરી કરવાના શોખ ને આનંદથી હૈયુ હરખાઈ ગયુ ને એપ્રિલ મહીનામાં માહિતીખાતામાં હાજર થયા ત્યારે ગાંધીનગરની વનરાઈ-વૃક્ષો-મકાનો-રોડ-રસ્તાઓ-જુના સચિવાલયના બિલ્ડીંગો જોઈને એમ થયું કે અંહીયા તો સ્વર્ગ જ છે. આજે ગાંધીનગરમાં વસવાટ કર્યાને ૪૨ વર્ષ પૂર્ણ થઈ ગયા છે. પાંચ વરસ પછી માહિતી ખાતાની સર્વીસમાં રાજીનામુ મૂકીને ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટમાં પ્રાઈવેટ લીમીટેડ કંપની બનાવીને સહીયારા સાથીદારો સાથે એક બીઝનેશનું સાહસ કર્યું. આજેય ગાંધીનગર અમોને ખૂબ જ ગમે છે. હવે તો ઘણો-ઘણો વિકાસ થયો છે. પણ ગાંધીનગર હવે સ્માર્ટ સીટી બનવાનુ છે આમ તો સુંદર પ્લાનીંગ સાથેનું ઘડતર પામેલુ રમણીય શહેર છે પણ આ સુંદરતામાં આપણે સૌ અણસમજથી અથવા આળસથી અથવા મારે શું ? આવા ઘણા નગણ્ય વિચારોથી ગાંધીનગરની સુંદરતાને ડાઘ લગાડતા હોઈએ એવુ જણાય છે. પ્રથમ તો આપણે આપણી રહેમરાહે અથવા જાણી જોઈને જ્યાં-જ્યાં ગેરકાયદેસર બાંધકામો કરીએ છીએ, સરકારી રોડ-રસ્તાઓ-જમીન પર ખૂબ જ સહજતાથી દબાણો કરીએ છીએ, જ્યાં-ત્યાં કચરાઓના ઢગલાઓ કરીએ છીએ, જ્યાં-ત્યાં વાહનો પાર્કીંગ કરીએ છીએ. વાહનો

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં હીટવેવવાળા વાતાવરણમાં હીટસ્ટ્રોકથી બચીએ

## ગ્લોબલ વોર્મિંગ નાથવા વ્યક્તિગત જવાબદારી સમજી સામુહિક પ્રયત્નો કરવા જરૂરી છે

ગાંધીનગર, તા. ૮

શહેરમાં ગરમીનો પારો આ વર્ષે સૌથી વધુ છે. શહેરીજનો પણ કામ સિવાય બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ૪૦ ડીગ્રીથી વધુ તાપમાન હોવાથી હીટસ્ટ્રોકનો ખતરો વધી શકે છે.

ઉનાળો એ સૌથી લાંબી ચાલતી ઋતુ છે. વર્ષમાં ૧૨માંથી આશરે ૬ મહિના તો ગમરીની સીઝન અનુભવાય છે. એમાં પણ ગ્લોબલ વોર્મિંગની અસર તળે તાપમાનનો પારો નવા નવા વિક્રમો સર્જતો જાય છે. રોગ જ્યાં સુધી શરૂઆતના તબક્કામાં હોય ત્યાં સુધી તેનો દબાવી દેવાની દવાઓથી કામ ચલાવાય પરંતુ રોગ જ્યારે જૂનો અને હઠીલો બને ત્યારે તેને જડમૂળમાંથી નાથવા પ્રયાસો કરવા પડે. બસ આ જ સ્થિતિ હવે વાતાવરણમાં વધતા તાપમાનની છે. જેને નાથવા માનવજાતે વ્યક્તિગત જવાબદારી તરીકે સમજી સામુહિક પ્રયત્નોની હારમાળા સર્જવી પડશે. પરંતુ તે પહેલા આ હીટવેવમાં હીટસ્ટ્રોકથી બચવા પગલા લેવા જરૂરી છે. આ વખતે માર્ચ માસના અંતથી જ તાપમાનો પારો જાણે સ્માર્ટ ફોનમાં અધુરા જોયેલા વિડિયોને ફરી ચાલુ કરતા રિઝ્યુમ લાસ્ટ સીનની જેમ સીધો ૪૨ થી ૪૩ ડિગ્રી પહોંચી ગયો છે. સામાન્ય રીતે એપ્રિલ-મે માસમાં જે તાપમાનનો અનુભવ થાય તેનો માર્ચ માસથી જ પ્રારંભ થઈ જતા આ વર્ષે ફરી જૂના રેકોર્ડ તોડી નવા કિર્તિમાન સ્થાપિત કરતી ગરમીનો સામનો કરવો પડશે. લૂ લાગવાનો ભોગ બનતા નાગરિકોનું



પ્રમાણ વધી રહ્યું છે. તબીબી ભાષામાં શરીરનું તાપમાન ૧૦૪ ફેરનહીટથી વધી જાય તો તેને લૂ લાગી છે તેવું કહી શકાય અને આ હીટસ્ટ્રોકની અસરો બાળકો તથા વૃદ્ધોને બહુ ઝડપથી થતી હોય છે. હીટસ્ટ્રોક કે લૂ લાગવાના લક્ષણોમાં સતત માથુ દુઃખવું, પગની પીંડીઓમાં દુઃખાવો થવો કે બળતરા થવી, શરીરનું તાપમાન એકાએક વધી જવું, ખૂબ તરસ લાગવી, શરીરમાં પાણીનું પ્રમાણ ઘટી જવું, ચક્કર આવવા, ઉબકા ઉલટી, ઝાડા થવા, આંખે અંધારા આવવા, બેભાન થઈ જવું, શ્વાસ લેવામાં તકલીફ, ખેંચ આવવી, આંચકી આવવી વગેરેનો સમાવેશ થાય છે.

સામાન્ય રીતે હવામાન ખાતા દ્વારા જ્યારે પણ તાપમાનનું પ્રમાણ ૪૦ ડિગ્રીથી ઉપર જાય એટલે યલો એલર્ટ, ૪૨ થી ૪૫ ડિગ્રી માટે ઓરેન્જ એલર્ટ, ૪૫ ડિગ્રીથી ઉપર જાય એટલે રેડ એલર્ટ જાહેર કરી ચેતવવામાં આવે છે.

હાલમાં ઓરેન્જ એલર્ટનો તબક્કો ચાલી રહ્યો છે. હીટસ્ટ્રોકથી બચવા નાગરિકોએ કેટલીક સાવધાનીઓ રાખવી જરૂરી હોય છે. હીટસ્ટ્રોકથી બચવા બપોરના સમયે ૧ થી ૫ વાગ્યા દરમિયાન શક્ય હોય તો બહાર નીકળવાનું ટાળવું જોઈએ. આખું શરીર અને માથું ઢંકાય તે રીતે સફેદ અથવા ઉઘડતા રંગના વસ્ત્રો પહેરવા જોઈએ. ટોપી, ચશ્મા કે છત્રીનો ઉપયોગ કરવો જોઈએ. આ સાથે ગરમીમાંથી ઘરે આવ્યા બાદ તુરંત જ સ્નાન કરવું જોખમકારક છે. માટે જ્યાં સુધી શરીરનું તાપમાન નીચું ના આવે ત્યાં સુધી ન્હાવુ જોઈએ નહી. જો થોડીક સાવધાનીઓ રાખીશું તો આ અંગ દઝાડતી ઋતુ તેની સાથે અઢળક આહલાદક મોજ મજાની તકો પણ પૂરી પાડે છે. તેનો ભરપૂર આનંદ ઉઠાવી શકીશું.





કોંગ્રેસ સેવાદળ દ્વારા ગૌરવયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવયાત્રાનુ ઘ-૨, ઘ-૪ અને ઘ-૫ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ઘ-૫ સર્કલ ખાતે રવિશંકર મહારાજની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી ગૌરવયાત્રાનું પેથાપુર તરફ પ્રસ્થાન કરાવ્યુ હતુ.

# નવા સેક્ટરથી સચિવાલય તરફ જતી સિટીબસ બંધ થઈ જતા હાલાકીની રાવ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર એક કર્મચારીનગર છે અને શહેરના લગભગ દરેક સેક્ટરમાં સરકારી કર્મચારીઓ વસવાટ કરે છે જે પૈકી મોટાભાગના કર્મચારીઓ સચિવાલય ખાતે અથવા તેની આસપાસના વિવિધ સરકારી ભવનોમાં કાર્યરત છે. શહેરના નવા સેક્ટરો કહેવાતા વિસ્તારમાં પણ મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓ વસવાટ કરી રહ્યાં છે જેમના માટે સવારના ઓફિસ જવાના સમયે ઉપલબ્ધ રહેતી સિટીબસ સેવા છેલ્લાં કેટલાંક દિવસથી બંધ થઈ જતાં પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે.

શહેરના નવા સેક્ટર કહેવાતા વિસ્તારના સેક્ટરો જેવા કે સેક્ટર-૨,૩,૪,૫ અને ૬ વિસ્તારમાંથી મોટી સંખ્યામાં સચિવાલય તથા તેની આસપાસના સરકારી ભવનોમાં કાર્યરત સરકારી કર્મચારીઓ વસવાટ કરી રહ્યાં છે. આ પૈકી મધ્યમવર્ગીય સરકારી કર્મચારીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે જેમના માટે દરરોજ કચેરીએ આવવા-જવા માટે પાટનગરની સિટીબસ સેવા ખૂબ જ ઉપયોગી માધ્યમ છે.

એક તરફ જ્યાં પેટ્રોલના ભાવો માઝા મુકી રહ્યાં છે તેવા સમયે નવા સેક્ટર વિસ્તારમાં સવારના સમયે સચિવાલય તરફ લઈ જતી સિટીબસ સેવાનો રૂટ અચાનક બંધ કરી દેવાતાં આ કર્મચારીઓને હાલાકી ભોગવવી પડી રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર અગાઉ વર્ષોથી નિયમિત રીતે આવતી આ સિટીબસ છેલ્લાં કેટલાક સમયથી અનિયમિત થઈ જવા પામી હતી જેના કારણે કર્મચારીઓને ઓફિસે નિયમિત રીતે જવામાં તકલીફ પડતી હતી અને ઉપરી અધિકારીઓનો ઠપકો સાંભળવો પડતો હતો.

બીજી તરફ અનિયમિતતાને કારણે આ રૂટની બસને પેસેન્જર મળવાના ઓછા થઈ જતા તેને બંધ કરી દેવાયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જોકે નામ નહીં

આપવાની શરતે એક કર્મચારીના જણાવ્યાં અનુસાર આ રૂટ પર વર્ષોથી જે બસ ડ્રાયવર બસ લઈને આવતા હતા તેઓ વયનિવૃત્ત થઈ જતાં તેમના સ્થાને નિયુક્ત કરાયેલ નવા ડ્રાઈવર પછી બસ અનિયમિત થઈ ગઈ હતી અને બસ અનિયમિત થઈ જતાં તેના પેસેન્જરમાં ઘટાડો થવા પામ્યો હતો કેમકે આ બસમાં નિયમિતપણે સચિવાલય જતા કર્મચારીઓને અનિયમિતતા પોસાય તેવી નહોતી.

પાણી પુરવઠા વિભાગ
ગુજરાત સરકાર

આઝાદી નો અમૃત મહોત્સવ



જલ જીવન મિશન
હર ઘર જલ

ગુજરાત સરકારના દ્રઢ સંકલ્પ, આયોજન અને નિર્ધાર થકી વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં

રાજયના તમામ ગામડાઓના દરેક ઘરને મળશે શુદ્ધ, પૂરતું અને નિયમિત પાણી...

રાજયના ગ્રામ્ય વિસ્તારના ૯૪%થી વધુ ઘરો સુધી પહોંચી રહ્યું છે, નલ સે જલ...

૧૦૦% નળ જોડાણ ધરાવતા જિલ્લા ૧૬

૧૦૦% નળ જોડાણ ધરાવતા તાલુકા ૧૫૦

૧૦૦% નળ જોડાણ ધરાવતા ગામ ૧૫,૪૩૮

ગ્રામ્ય કક્ષાની પાણી પુરવઠા યોજનાઓ સંબંધિત પીવાલાયક પાણીની ફરિયાદ માટે ૨૪x૭ સંપર્ક કરો ટોલ ફ્રી નં. ૧૯૧૬